ક્રમાંક: બમશ/૧૦૧૯/૧૧૫૯/ગ
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩૦/૦૮/૨૦૧૯

પ્રતિ,

પ્રમુખશ્રી,
ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ,
માધ્યમિક શાળા,
મુ.પો.ગળધ, તા.ભેંસાણ,
જિ.જુનાગઢ.

વિષય: ચાલુ નોકરી દરમિયાન લાપતા થયેલ વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાયનો લાભ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને આપવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના આપના તા.૦૫/૦૮/૨૦૧૯ના પત્રના અનુસંધાને જણાવવાનું કે, વિભાગ દ્વારા તા.૦૪/૦૫/૨૦૧૮ના પરિપત્ર ક્રમાંક: બમશ/૧૦૧૧/૧૪૧૮/ગ થી સૂચના આપવામાં આવેલ છે કે, સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તા.૫/૭/૨૦૧૧ના ઠરાવના અનુસંધાને ભવિષ્યમાં જે કોઈ સુધારાઓ કરવામાં આવે અને તે સુધારાઓમાં ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓને લાગુ પડશે તેવી જોગવાઈ કરવામાં આવે તો તે આપોઆપ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના કિસ્સામાં લાગુ પડશે તથા તેના માટે અલગથી વિભાગની મંજૂરી મેળવવાની રહેશે નહિ. વધુમાં, સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તા.૨૫/૦૬/૨૦૧૯ના ઠરાવથી તા.૫/૭/૨૦૧૧ના ઠરાવની ઉચ્ચક નાણાકીય સહાય આપવાની જોગવાઈઓમાં ઉમેરો કરેલ છે તથા ૫/૭/૨૦૧૧ની બાકીની તમામ જોગવાઈઓ/શરતો યથાવત રાખેલ હોઈ, સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૫/૦૬/૨૦૧૯નો ઠરાવ આપોઆપ ગ્રાન્ટ ઈન એઈડના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓને લાગુ પડે છે. આથી આ બાબતે અત્રેથી અલગથી ઠરાવ કરવાનો રહેતો નથી, જે આપશ્રીને વિદિત થવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(વી.એમ.પટેલ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ